જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૪/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૩૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૩૫૭ લીટર દેશી દારૂ, ૨૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૦૪૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૩૧ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૩૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૩૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૫૩૨/૨૦૨૬**

ઈસનપુરઃ ઈસનપુર વિસ્તારમાં રહેતી યુવતી એ તા.૧૩/૦૪/૨૦૨૬ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૪/૨૦૨૬ બપોરના ૩/૦૦ થી તા.૧૦/૦૪/૨૦૨૬ બપોરના ૩/૦૦ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૮૭૮૭૮૦૦૯૩૭ ના ધારકે યુવતીના મોબાઈલ ફોનમાં WORK FROM HOME બાબતની લીંક મોકલી, યુવતીનો વિશ્વાસ કેળવી તેમના Axis Bank ના ખાતામાંથી રૂપિયા ૫૩,૦૦૦/– તથા Bank of Baroda ના ખાતામાંથી રૂપિયા ૪૩,૦૦૦/– તથા Bandhan Bank ના ખાતામાંથી રૂપિયા ૭૫,૦૦૦/– અને યુવતીના પતિના Bank of India ના ખાતામાંથી રૂપિયા ૧,૦૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૭૬,૦૦૦/– ગુગલ–પે તથા IMPS દ્વારા મેળવી લઈ યુવતી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૫૩૩/૨૦૨૬**

ખાડીયાઃ નાથુભાઈ સુખાભાઈ પટેલ (રહે.તળીયાની પોળ, નાના પોરવાડાનો ખાંચો, સાળંગપુર) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૪/૨૦૨૬ સવારના ૫/૦૦ થી કલાક ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના શટરનું તાળું તોડી, અજાણી વ્યક્તિ દાદરા વાટે ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૩૩,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.કે.આહિર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૫૩૪/૨૦૨૬**

વટવા જીઆઈડીસીઃ ડોમનીક સ/ઓ અશોકભાઈ શાહ (ઉ.વ.૩૦)(રહે.ગાયત્રીનગર સોસાયટી હનુમાનજી મંદીર પાસે વિંઝોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૪/૨૦૨૬ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૦૪/૨૦૨૬ ના કલાક ૨/૨૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એસ.સુતરીયા ચલાવે છે.

શાહીબાગઃ દેવી ગર્લ્સ હોસ્ટેલ શાહીબાગ ખાતે રહેતી અને કોલેજમાં બીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતી જીયાબહેન વિરમભાઈ ડાકી (ઉ.વ.૧૯)(મુળ રહે.યમુનાનગર સોસાયટી, પ્રસાદ મારુતિ શો–રૂમ પાસે, પી.વી.એમ શાળા પાસે, વેરાવળ રોડ, કેશોદ, જુનાગઢ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૪/૨૦૨૬ સાંજના ૪/૨૦ વાગ્યા પહેલા દેવી ગર્લ્સ હોસ્ટેલ રૂમ નંબર–૫૨૭ ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એન.પ્રિયદર્શી ચલાવે છે.

અમરાઈવાડીઃ આશીષભાઈ સુરેશચન્દ્રભાઈ જૈન (ઉ.વ.૪૨)(રહે. સત્યમનગર શાક માર્કેટની બાજુમાં શિવાનંદનગર અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૪/૨૦૨૬ બપોરના ૪/૨૫ વાગ્યા પહેલા અમરાઈવાડી રબારી કોલોની વાઘજીભાઈ એસ્ટેટ દુકાન નંબર–સી/૨૪ ખાતે લોખંડના દરવાજામાં લાગેલ એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેશભાઇ ગોવીંદભાઇ ચલાવે છે.

મેઘાણીનગરઃ સૌરભ કમલસિંહ ઘાકરે (ઉ.વ.૨૬)(રહે.શ્યામનગર ગલી નંબર–૦૫ ભગવતી સ્કુલ સામે ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૪/૨૦૨૬ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જે.પરમાર ચલાવે છે.

રખિયાલઃ સુરેશ સ/ઓ અમીચંદ પરમાર (ઉ.વ.૪૧)(રહે.મેઘધારા સોસાયટી, રામિની ચાલી સામે, રખિયાલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૪/૨૦૨૬ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિકુલભાઇ ઇશ્વરભાઇ ચલાવે છે.

ઓઢવઃ શાન્તીદેવી વા/ઓ સુરજભાઇ લોધી (ઉ.વ.૩૦)(રહે.ભવાની નગરનો ટકરો, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૪/૨૦૨૬ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક મકાનમાં પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આઈ.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી